<u>નર્મદા જીલ્લાના મે. એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી કોર્ટમાં, મુ: રાજપીપળા</u>

<u>જી: નર્મદા</u>

<u>ફોજદારી કેસ નંબર:-૩૨૪/૨૦૨૪</u>
આંક:-

શ્રી સરકાર ....................................... ફરીયાદી

વિરુધ્ધ.

આરોપી: રેણાભાઈ બોગનભાઈ કટારા, **રહે: કાટવાણા તા.બગોદર જી.પોરબંદર**

**:: ઠ રા વ ::**

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આરોપીએ બનાવના દિવસે પોતાના કબજાવાળુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે લાયસન્સ વગર હંકારતા મળી આવી ઈ.પી.કો. કલમ-૨૭૯ તથા એમ.વી.એકટ કલમ-૧૭૭,૧૮૩ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ,આરોપીની પ્લી ગુના સબબ નોંધતા,આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે. અને કબુલાત પુરસીસ અલગ આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય,ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાતરી આપતા હોય, આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય આરોપીને હળવી સજા કરવી જોઈએ તેમ માનુ છુ આરોપી સામેના આક્ષેપીત ગુનાનો પ્રકાર,તેમા સજાનુ પ્રમાણ,આરોપીની રજુઆત,તેની પરીસ્થિત ધ્યાનમાં લેતાં, અને નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.પાન નં.૭૦૯ નટવર હીરાચંદ ઠાકોરના કેસમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમા લેતા, આરોપીને હળવી સજા કરવાનુ વ્યાજબી અને ન્યાયી જણાતુ હોઈ,ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**::– હુકમ –::**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે તેની સામેના ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા એમ.વી.એક્ટ કલમ–૧૭૭,૧૮૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે. તેમજ ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા એમ.વી.એક્ટ કલમ–૧૭૭,૧૮૩ ગુના સબબ એકદંરે રૂ.૧૬૦૦/ દંડ ભરવાનો હુકમ કરવામા આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

આરોપીએ કુલ રૂ.૧૬૦૦/ અંકે રૂપીયા એક હજાર છસો પુરા દંડ ભરવો.

હુકમ આજ રોજ તાઃ૩૧ મી મે–૨૦૨૫ના રોજ જાહેર કર્યો.

તારીખઃ૩૧/૦૫/૨૦૨૫ (એફ.એ.સીંધી)

સ્થળ :રાજપીપલા ઈ/ચા ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રાજપીપલા(નર્મદા)

જજ કોડ જીજે૦૧૧૫૧